1. વાસ્તવિક આવક વિશે સમજૂતી આપો.

- વર્ષ દરમિયાન ઉત્પન્ન થયેલ તમામ વસ્તુઓના ઉત્પાદનને તે વસ્તુઓના સ્થિર ભાવો (પાયાના વર્ષના ભાવો) સાથે ગુણતા જ રાષ્ટ્રીય આવક મળે તે વાસ્તવિક રાષ્ટ્રીય આવક છે, જે દેશની સાચી આર્થિક સ્થિતિ રજૂ કરે છે.
- હકીકતમાં ઉત્પાદન અને બજારકિંમત બંને વધે, તો રાષ્ટ્રીય આવક બંને વધારાને અનુરૂપ વધે છે, પરંતુ ઉત્પાદનના વધારાને કારણે કેટલી રાષ્ટ્રીય આવક વધી તે જાણવું જરૂરી છે. જેથી લોકોની વપરાશ અને જીવનધોરણ જાણી શકાય. આ સમજવા નીચેનું ઉદાહરણ જોઈએ :

| 2005 | | | | 2012 | | | |
|---|---|---|---|---|---|---|---|
| વસ્તુ | એકમો | એકમદીઠ કિંમત(rsમાં) | કુલ મૂલ્ય (rsમાં) | વસ્તુ | એકમો | એકમદીઠ કિંમત(rsમાં) | કુલ મૂલ્ય (rsમાં) |
| A | 2000 | 10 | 20000 | A | 2500 | 20 | 50000 |
| B | 3000 | 12 | 36000 | B | 3750 | 24 | 90000 |
| C | 4000 | 4 | 16000 | C | 5000 | 8 | 40000 |
| કુલ | - | - | 72000 | કુલ | - | - | 180000 |

- વર્ષ 2005 કરતાં વર્ષ 2012માં ઉત્પાદન 1.25 ગણું થયું છે, જ્યારે ભાવો બમણા થયા છે.
- વર્ષ 2005માં રાષ્ટ્રીય આવક $ 72,000 છે, જે 2012માં 2.5 ગણી વધીને રૂ. 1,80,000 થઈ છે.
- હકીકતમાં ઉત્પાદન 2.5 ગણું થયું નથી. તેથી 2012ની રાષ્ટ્રીય આવક સાચી રાષ્ટ્રીય આવક નથી.
- 3 વર્ષ 2005ની નાણાકીય રાષ્ટ્રીય આવક રૂ. 72,000 છે અને વર્ષ 2012માં રૂ. 1,80,000 છે.
- 2012ની નાણાકીય રાષ્ટ્રીય આવકને વાસ્તવિક રાષ્ટ્રીય આવકમાં ફેરવતાં :
  2012ની વાસ્તવિક રાષ્ટ્રીય આવક = 2012ની નાણાકીય રાષ્ટ્રીય આવક  2012નો ભાવાંકટ100
  = 1,80,000 / 200 ( 100)
  = રૂ. 90,000
  [ભાવાંક = 200 : 2005 કરતાં 2012માં એકમદીઠ કિંમત બમણી છે.]
- વર્ષ 2012ની વાસ્તવિક આવક રૂ. 90,000 છે, જે 2005ની રાષ્ટ્રીય આવકની સરખામણીએ (રૂ. 72,000) 1.25 ગણી છે અને ઉત્પાદન પણ 1.25 ગણું વધ્યું છે. તેથી વાસ્તવિક આવક એ સાચી રાષ્ટ્રીય આવક છે.